ગાંધીનગર સમાચાર
તા. ૨૬-૧૧-૨૦૧૪, બુધવાર

## તંત્રી સ્થાનેથી....

### રાષ્ટ્રીય દૂધ દિવસ : શ્વેતક્રાંતિના પ્રણેતાની પાવન સ્મૃતિ

ગુજરાત દેશમાં નંબર-વન સ્ટેટ હોવાનો દાવો કરે છે ત્યારે એની સામે રીતસરનો હોબાળો મચી જાય છે. મહારાષ્ટ્ર પાસે મુંબઇ છે. સ્વાભાવિક રીતે જ ઔદ્યોગિક અને આર્થિક ક્ષેત્રે મહારાષ્ટ્ર ગુજરાત કરતાં આગળ જ હોય. કેરળ શિક્ષણનાં માપદંડોની રૂએ અને પંજાબ તથા હરિયાણા કૃષિ ક્ષેત્રે વિક્રમ નોંધાવતાં રહ્યાં છે. ગુજરાતમાં સ્ત્રીઓ અને બાળકોનું આરોગ્ય અન્ય પ્રદેશોની તુલનામાં નબળું છે અને ભ્રૂણ હત્યાનું પ્રમાણ વધારે છે. આપણે કેળવણી ક્ષેત્રે પછાત હતા એથી સનદી સેવાઓમાં બહુ ઓછા ગુજરાતીઓ જોવા મળે છે. પરંતુ ગુજરાત દૂધ ઉત્પાદનમાં નંબર-વન સ્ટેટ છે એટલું જ નહીં, એ મુદ્દે ભાગ્યે જ કોઇ વાંધો લઇ શકશે. કેરળથી ગુજરાતમાં સામાન્ય કહી શકાય એવી નોકરી કરવા આવેલા એક અદના માનવી વર્ગીસ કુરીયને આણંદમાં સ્વ. ત્રિભોવનદાસ પટેલ જેવા તળ ધરતી સાથે જોડાયેલા જિલ્લા સ્તરના કોંગ્રેસી આગેવાનને સહકારી ધોરણે દૂધ મંડળીઓનું સંકલન કરવાની પ્રેરણા આપી અને એમાંથી સરજાઇ 'અમૂલ' જેવી વિશ્વસ્તરીય દંતકથા. રાષ્ટ્રીય દૂધ દિવસ એ શ્વેતક્રાંતિના જનક વી. કુરિયનને અપાયેલી જન્મદિવસની ભેટ છે. પશુપાલન પર નભતા નાના ખેડૂતો માટે આ દૂધ સહકારી ઉદ્યોગ અને એક પૂરક આવકનું સ્ત્રોત બની રહ્યો. 'અમૂલ'ની સફળતાથી પ્રેરાઇ ઉત્તર ગુજરાતના પશુપાલકોએ પણ દૂધ સહકારી મંડળીઓ શરૂ કરી જે કાળક્રમે એમની દીવાદાંડી સમી આણંદની 'અમૂલ' કરતાં પણ આગળ નીકળી ગઇ. એ મુજબ બનાસ ડેરી આજે એશિયાની સૌથી મોટી ડેરી બની ગઇ છે. ૧૯૬૨માં ચીનના આક્રમણ વખતે સરહદ પર જીવ સટોસટ લડાઇ લઇ રહેલા સૈનિકોને દૂધનો પાવડર પહોંચાડવાની જરૂર ઊભી થતાં તત્કાલીન વડાપ્રધાને મહેસાણાના સાંસદ સ્વ. માનસિંહ પૃથ્વીરાજ પટેલને આ મુદ્દે મદદરૂપ થવા જણાવ્યું. વર્ગીસ કુરીયનની કુનેહ કામ લાગી અને ઉત્તર ગુજરાતના હૃદય સમા મહેસાણામાં 'દૂધસાગર' લહેરાઇ ઊઠ્યો. માનસિંહ પૃથ્વીરાજ પટેલ વિજાપુર તાલુકાના (હાલ માણસા તાલુકાના) ચરાડા ગામના વતની હતી. એમના ગામમાં એમના બાળ ગોઠિયા બબાભાઇ નાથુભાઇ ચૌધરીએ દૂધ ઉઘરાવી અમદાવાદ પહોંચાડવાની શરૂઆત કરેલી, ખાનગી ધોરણે ચાલતા ભૈયાઓના ભઠ્ઠામાં દૂધ ભરાવવા કરતાં સહકારી મંડળી બનાવી દૂધનો વેપાર કરવો વધુ ફાયદાકારક હોવાની પ્રતીતિ થતાં ખેડૂતોએ માનસિંહભાઇનો પડ્યો બોલ ઝીલી લઇ ઉત્તર ગુજરાતમાં શ્વેતક્રાંતિનો ઝંડો લહેરાવ્યો. કુરીયનની જ પ્રેરણા અને માર્ગદર્શન હેઠળ ઉત્તર ગુજરાતના અન્ય બે જિલ્લામાં પણ દૂધ ઉત્પાદકોના સહકારી સંઘો સ્થપાયા. અભણ છતાં ભારે કોઠાસૂઝ ધરાવતા પ્રાંતિજ તાલુકાના ઘડકણ ગામના ખેડૂત આગેવાન ભુરાભાઇ ખોડીદાસ પટેલે સાંબરકાંઠાના જિલ્લા મથક હિંમતનગર નજીક 'સાબર ડેરી'ની સ્થાપના કરી તો પાલનપુર નજીક બનાસકાંઠાના અભણ ખેડૂત નેતા ગબલાભાઇ નાનજીભાઇ પટેલે 'બનાસ ડેરી'ની સ્થાપના કરી. ઉત્તર ગુજરાતનો ખેડૂત ખેતીમાંથી તો માંડ બે સાંધા સરખા કરી શકતો હતો. દૂધની આવક ઉમેરાતાં એ બે પાંદડે થયો. દૂધ સહકારી મંડળીઓને કારણે પશુપાલકોને દૂધનો ઊંચો અને પરવડે એવો ભાવ મળતો થયો. ભઠ્ઠા અને તાવડાવાળાઓ દ્વારા થતું શોષણ અટક્યું. મેલાં ઘેલાં લૂગડાં પહેરનારો ઉત્તર ગુજરાતનો ખેડૂત બગલાની પાંખ જેવાં ઊજળાં વસ્ત્રો પહેરતો થયો. એક ગરીબ વિધવા પણ બે ભેંસો કે ગાયો રાખી માતબર કમાણી કરતી થઇ ગઇ. ઉત્તર ગુજરાતના આર્થિક વિકાસમાં સૌથી મોટો ફાળો દૂધ સહકારી ઉદ્યોગનો છો. આણંદ અલબત્ત દૂધ સહકારી ઉદ્યોગનું આદિસ્ત્રોત હતું તેથી તમામ જિલ્લા સહકારી સંઘોના એસોશિયેશનનું તેમજ નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડનું વડુ મથક આણંદ ખાતે જ રહ્યું. દૂધ સહકારી ઉદ્યોગ મધ્ય-દક્ષિણ ગુજરાત અને કચ્છ-સૌરાષ્ટ્ર પર્યંત વિસ્તર્યો ખરો, પરંતુ એનું કેન્દ્ર આણંદ જ રહ્યું અને ઉત્તર ગુજરાત સૌથી વધુ દૂધ ઉત્પાદન કરતું હોવા છતાં 'અમૂલ' નું બ્રાન્ડ નેમ રાણી છાપના રૂપિયાની જેમ ચલણી બની રહ્યું. અમૂલની બનાવટોમાં 'સાગર' ઘી પણ ખરું. શ્વેતક્રાંતિના પ્રણેતા વર્ગીસ કુરિયનના પગલે ચાલીને ગુજરાતના સહકારી નેતાઓએ વિશ્વ સ્તરે ગુજરાતનું નામ ગાજતું કર્યું છે. કૃતજ્ઞ ગુજરાત વી. કુરીયનનો ઉપકાર ભૂલી શકશે નહીં. કુરિયનને કૃતજ્ઞ રાષ્ટ્રે જરૂર પોંખ્યા છે પરંતુ ગુજરાતે એમનાં અંતિમ વર્ષો દરમિયાન એમની ઘણી ઉપેક્ષા કરી હતી એ ઘણી દુ:ખદ બાબત છે. કુરિયનની આત્મકથા 'મારું સ્વપ્ન' (અંગ્રેજીમાં **I too had a dream**) એમની ગતિશીલ પ્રતિભાનો રળિયામણો દસ્તાવેજ છે. એમના જન્મદિવસને રાષ્ટ્રીય દૂધ દિવસ - 'નેશનલ મિલ્ક ડે' સ્વરૂપે ઊજવી એ આદિપુરૂષને શ્રદ્ધાંજલી આપવાનો ઉપક્રમ પ્રશંસનીય છે. અલબત્ત હવે આ સહકારી ક્ષેત્રમાં પણ વરવું રાજકારણ ઘૂસી ગયું છે તે જરૂર ચિંતાનો વિષય છે.

## રાજય માહિતી પ્રભાગ પેન્શનર્સ સમાજનું સ્નેહમિલન યોજાયું

### નવી કારોબારીની વરણી કરાઈ

ગાંધીનગર, તા. ૨૫

ગુજરાત રાજય માહિતી પ્રભાગ પેન્શનર્સ સમાજનું સ્નેહમિલન અને બેઠક જયોતિન્દ્ર દવેની અધ્યક્ષતા હેઠળ સે-૨૩ સ્થિત અરવિંદ સંસ્કાર કેન્દ્ર ખાતે યોજાયું હતું. જેમાં ૩૫ સભ્યો ઉપસ્થિત રહ્યા હતા નવી કારોબારીની વરણી કરવામાં આવી હતી.

નવા વર્ષે એક બીજાને શુભેચ્છા પાઠવવા માટે ગુજરાત રાજય માહિતી પ્રભાગ પેન્શનર્સ સમાજનું સ્નેહમિલન અને બેઠક યોજવામાં આવી હતી. બેઠકની શરૂઆતમાં સમાજના દિવંગત સભ્યો આર.બી. સોની, નર્મદાશંકર જાની અને જી.વી. શુકલના આત્માની શાંતિ માટે પ્રાર્થના કરવામાં આવી હતી.

સંસ્થાના જે.એમ. દવેએ સમાજના સભ્યોને આવકારી શુભેચ્છા પાઠવી હતી અને જણાવ્યું હતું કે આપણો મુખ્ય હેતુ એકબીજાને હુંફ મળી રહે તે માટે સુખ-દુ:ખમાં સહભાગી બનવાનો છે. અને તે માટે આપણે અવાર નવાર મળતા રહેવું જોઈએ.

બેઠકમાં સમાજનું નામ 'સેતુ' રાખવામાં આવ્યું હતું. આગામી ૩૧મી ડીસેમ્બરે ૭૫ વર્ષ પૂર્ણ કરનાર ૧૫ સભ્યોનું સન્માન કરવામાં આવશે. તેમજ આગામી સમયમાં સર્વે સભ્યોને જન્મ દિવસની શુભેચ્છા પાઠવવામાં આવશે. બેઠકમાં સર્વે સભ્યોને સુરેન્દ્રનગરનો પ્રવાસ ભૂપેન્દ્ર દવે અને પાટણનો પ્રવાસ પી.બી. ભાટકરે કરાવવા તત્પરતા દર્શાવી હતી. આગામી જાન્યુઆરી માસમાં સભ્યોનો પ્રવાસ યોજવામાં આશે. જેમાં જોડાવા ઈચ્છુક પ્રવાસીઓને પોતાનું નામ નોંધાવવા જણાવ્યું હતું તેમજ માહિતી પ્રભાગના નિવૃત્ત કર્મચારીઓ અધિકારીઓને સભ્યપદ નોંધાવવા પણ જણાવ્યું છે.

બેઠકમાં સર્વાનુમતે હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી જેમાં પ્રમુખ પદે જયોતિન્દ્ર એમ. દવે, ઉપપ્રમુખ પદે સૂર્યકાન્ત બારોટ (ઉ.ગુ.), ભૂપેન્દ્ર એમ. દવે,(સૌરાષ્ટ્ર), કેયુર બ્રહ્મભટ્ટ (મધ્ય ગુજરાત), માનદ મંત્રી પદે પ્રકાશ લાલા, સહમંત્રી પદે એલ.આર. રાજપૂત, કોષાધ્યક્ષ પદે એમ.પી. કાકડિયા તેમજ કારોબારી સભ્યોમાં શકુંતલાબેન ગોર, હર્ષદ ઠાકર અન પી.બી. ભાટકરની વરણી કરવામાં આવી છે. બેઠકમાં અમૃતલાલ ઠકકરે ભંડોળ ઉભું કરી સોવેનિયર બહાર પાડવા અને એન.પી. બારોટે માહિતીખાતા સાથે સંપર્ક જળવાઈ રહે તેવું સૂચન કર્યું હતું. પ્રકાશ લાલાએ કાર્યક્રમને અંતે આભાર દર્શન કર્યું હતું. બાદમાં સભ્યો પ્રિતી ભોજન લઈ છુટા પડયા હતા.

## ગાંધીનગરમાં નાટકનો તખ્તો બદલી નાખનાર જાદુગર કુંતલ નિમાવત

(સમીર રામી) ગાંધીનગર, તા. ૨૪

ગુજરાત રાજય એકાંકી નાટક સ્પર્ધામાં ઈતિહાસ સર્જનાર 'જાદુગર' નાટકના લેખક કુંતલ નિમાવતે ઈતિહાસ સર્જ્યો છે ત્યારે નગરના રંગમંચ પ્રેમીઓને તેમના વિશે જાણવા માટે ઉત્કંઠા થવી સ્વાભાવિક છે. કુંતલ નિમાવતે ગાંધીનગર સમાચાર સાથેની ખાસ મુલાકાતમાં તેમની સિદ્ધિઓ અને જાદુગર નાટક તથા તેના અન્ય કલાકારો વિશે વિગતવાર માહિતી આપી હતી. એક સમય હતો જયારે નાટ્ય સ્પર્ધામાં માત્ર અમદાવાદ-સુરત કે વડોદરાના નાટકોનો ડંકો વાગતો હતો અને ગાંધીનગરનું નામ પડતા જ નિર્ણાયકો અને પ્રેક્ષકો હોલ છોડીને આઘા-પાછા થઈ જતા હતા, પરંતુ હવે પરિસ્થિતિ બદલાઈ ચુકી છે અને ગાંધીનગરના બે નાટકોએ ટોપ થ્રીમાં સ્થાન પ્રાપ્ત કર્યું છે.



કુંતલ નિમાવત હાલ બ્લ્યુ બબલ્સ એકેડમી દ્વારા નાટ્ય અને નૃત્યની પ્રોફેશનલ તાલીમ આપી રહ્યા છે અને અત્યાર સુધીમાં તેમણે ૧૬૦૦ થી વધુ કલાકારોને અભિનયની તાલીમ આપી છે. ગાંધીનગરમાં અભિનય ક્ષેત્રે તાલીમ આપતી આ પ્રથમ સંસ્થા હોવાનું ગૌરવ ધરાવે છે. કુંતલ નિમાવતે માત્ર ૧૪ વર્ષની ઉંમરે કવિતાઓ લખવાનું ચાલુ કર્યુ હતુ. અને તે ૧૯૯૧ માં માત્ર ૧૬ વર્ષની ઉંમરે તેમણે પ્રથમ નાટક લખ્યું હતું અને તેને દિગ્દર્શિત પણ કર્યું હતું. આ બાબતની ગાંધીનગર સમાચારે 'નગરના સૌથી નાની વયના દિગ્દર્શક' તરીકે નોંધ પણ લીધી હતી. આજ વર્ષે તેમણે 'કુંજ કલા કેન્દ્ર'ની સ્થાપના કરી હતી જેનો ઉદ્દેશ નવા કલાકારોને સ્ટેજ પુરૂ પાડવાનો હતો અને આ હેતુ આજ દિન સુધી તેમણે જાળવતા લગભગ ૮૦૦થી વધારે નવોદિત કલાકારોને પ્રથમ વખત સ્ટેજ પુરૂ પાડી ચુકયા છે અને તે પણ કલાકારો પાસેથી એક પણ પૈસો લીધા વગર. કુંતલ નિમાવત હાલ કુંજ કલા કેન્દ્ર, જીઈ કલબ અને બ્લ્યુ બબલ્સ એકેડેમી દ્વારા ગાંધીનગરમાં નાટ્ય પ્રવૃત્તિને નવા શિખરે લઈ જવા કટિબદ્ધ છે. ગુજરાત સરકારે કુંતલ નિમાવતને નાટક, લેખન અને એક્ટીંગ માટે માન્યતા આપેલ છે.

જાદુગર નાટકના દિગ્દર્શક અને નાટકનું એક પાત્ર ભજવતા દિવ્યકાંત વર્મા જેમને બેસ્ટ ડીરેકટરનો એવોર્ડ પ્રાપ્ત થયો છે તે પણ કુંતલ નિમાવતના જ શિષ્ય છે. મજાની વાત તો એ છે કે આ નાટકમાં શિષ્યએ ગુરૂને દિગ્દર્શિત કર્યા છે. દિવ્યકાંત વર્મા 'ગાંધીનગરના ફુલટાઈમ' એક્ટર છે અને તેઓએ નાટકો ઉપરાંત અનેક ગુજરાતી તેમજ હિન્દી ફિલ્મોમાં અભિનયના અજવાળા પાથર્યા છે. તેમની છેલ્લી હિન્દી ફિલ્મ 'તમંચે' હતી અને તેઓ ખૂબ સારા નાટ્યકાર પણ છે. બ્લ્યુ બબલ્સ એકેડેમીના વિદ્યાર્થી દિવ્યકાંત વર્માએ જાદુગર ઉપરાંત કુંતલ નિમાવત દ્વારા લિખિત 'પીયું મનભાવન' નાટકને પણ દિગ્દર્શિત કર્યું છે. ખૂબજ બોલ્ડ વાર્તા, બોલ્ડલાઈટીંગ અને બોલ્ડ દશ્યો ધરાવતા અને માત્ર ત્રણ જ પાત્રો ધરાવતા 'જાદુગર' નાટકનું એક માત્ર મહિલા પાત્ર દિપલ પરમારે ભજવ્યું છે અને 'બેસ્ટ એક્ટ્રેસ'નો એવોર્ડ જીત્યો છે. દિપલ પરમાર ગાંધીનગર મહુડી રોડ પર મુબારકપુર પાસે આવેલ દિલ્હી પબ્લિક સ્કૂલમાં પ્રિન્સિપાલ તરીકેની ફરજ બજાવે છે અને પોતે એક ઉત્તમ કલાસીકલ ડાન્સર પણ છે. એકટીંગ ક્ષેત્રે તેમણે આ સતત બીજો એવોર્ડ જીત્યો છે. ગત વર્ષે પણ ત્રિઅંકી નાટ્ય સ્પર્ધામાં તેમણે બેસ્ટ એક્ટ્રેસનો એવોર્ડ જીત્યો હતો અને આવતા વર્ષે ફરી જીતી 'હેટ્રીક' રચવાની ખેવના ધરાવે છે.

માત્ર ત્રણ જ પાત્રોથી રજૂ થયેલા જાગુદર નાટકે એક સાથે ચાર-ચાર એવોર્ડ જીતી ઈતિહાસ તો રચ્યો જ છે પરંતુ નિર્ણાયકો પર પણ ખૂબ જ ઉંડો પ્રભાવ પાડ્યો હતો. એક નિર્ણાયકે તો જાહેર ઉદ્બોધન કરતા આ નાટકને સર્વાંગ સંપૂર્ણ નાટક ગણાવતા અપીલ કરી હતી કે પ્રેક્ષકોએ આ નાટક જયારે અને જ્યાં રજુ થાય ત્યારે અચૂક જોવું જેથી નાટક કોને કહેવાય તે સમજાશે, એટલું આ નાટક શ્રેષ્ઠ છે તેવું કહ્યું હતું. તેમણે કબુલ કર્યું હતું કે આ નાટકમાં ત્રણે પાત્રોમાંથી કોઈ એકાદ તો ચૂક કરશે જ તેવી અમોએ છેલ્લે સુધી રાહ જોઈ હતી પરંતુ એવુ ક્યાંય બન્યું જ નહી. નિર્ણાયકોની સાથે સાથે પ્રેક્ષકોએ પણ આ નાટકને વધાવી લીધું હતું એ પહેલીવાર રાજય નાટ્ય સ્પર્ધામાં 'ગાંધીનગર ગાંધીનગર'ની બુમો સાંભળવા મળી હતી. આ નાટકે સ્પર્ધામાં બે રાઉન્ડ ઓડીશન અને ફાઈનલ સ્પર્ધામાં કુલ ૩૦ માંથી રજૂ થયેલા ૨૪ નાટકો સામે પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. આ ઉપરાંત ગાંધીનગર સમાચારના કોલમીસ્ટ 'ઉત્સવ પરમાર' લિખિત 'એક નવી શરૂઆત' નાટકે પણ આ સ્પર્ધામાં શ્રેષ્ઠ નાટ્ય લેખનના એવોર્ડ સાથે ત્રીજુ સ્થાન પ્રાપ્ત કર્યુ હતું.

### 'જાદુગર' કુંતલ નિમાવતની સર્જન યાત્રા

- ૧૪ વર્ષની ઉંમરે કવિતા લેખન પ્રારંભ
- ૧૬ વર્ષની ઉંમરે પ્રથમ નાટક લખ્યું અને દિગ્દર્શિત કર્યું
- ૧૯૯૧ માં કુંજ કલાકેન્દ્રની સ્થાપના
- ૨૦૦૧ માં જિલ્લાકક્ષાએ નાટ્ય સ્પર્ધામાં શ્રેષ્ઠ નાટકનો એવોર્ડ
- ૨૦૦૫માં સ્વરા પબ્લિકેશન દ્વારા ગાંધીનગરના શ્રેષ્ઠ નાટ્યકારનો એવોર્ડ
- ૨૦૦૬માં રોટરી કલબ દ્વારા ગાંધીનગરમાં સતત નાટ્ય પ્રવૃત્તિ માટે વિશેષ સન્માન
- ૨૦૧૨ માં ગુજરાત રાજ્ય ત્રિઅંકી નાટ્ય સ્પર્ધામાં બેસ્ટ એક્ટરનો એવોર્ડ
- ૨૦૧૨માં તેમના દ્વારા દિગ્દર્શિત 'અનારકલીનો સ્વયંબર' નાટકમાં કવિતા પરમારને બેસ્ટ એક્ટ્રેસનો એવોર્ડ
- ૨૦૧૨માં નેશનલ સાયન્સ ડ્રામા કોમ્પીટીશનમાં બેસ્ટ સ્ક્રીપ્ટ રાઈટીંગનો એવોર્ડ
- અત્યાર સુધીમાં ૭૦ થી વધુ નાટકો અને ૪ ટીવી સીરીયલ્સ તેમજ ૨ ડોક્યુમેન્ટરી ફિલ્મ બનાવી છે.
- ૧૦૨ શો સાથે હજુ ચાલી રહેલ 'ખુશાલીનો વન્સ મોર' નાટકમાં લીડ એક્ટર
- તાજેતરમાં ધણીને ધાકમાં રાખો' કોમર્શિયલ નાટકનો ૨૪મો શો ની તૈયારી
- દૂરદર્શન પર દર મંગળવારે જાગ્યા ત્યાંથી સવારમાં અભિનય ચાલુ

## હરિની દૃષ્ટિ...

ચંદનના લાકડાની ચોરી




સાહેબ મારી દૃષ્ટિએ ત્રણ જણા શંકાના દાયરામાં છે... અગરબત્તી બનાવવાવાળો હોય કાં કોઈની ગર્લ ફ્રેન્ડને ગાલે ખીલ થયા હોય..અથવા મરણ પથારીએ હોય તેવા નેતાનાં સગા હોય...!!

## એમ.બી. પટેલ શાળાની વિદ્યાર્થીઓ ખેલ મહાકુંભમાં ઝળકી

ગાંધીનગર, તા. ૨૪

ખેલમહાકુંભ અંતર્ગત જિલ્લામાં વિવિધ સ્પર્ધાઓ યોજવામાં આવી હતી. સ્પર્ધામાં એમ.બી. પટેલ કન્યા પ્રાથમિક શાળાની વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. શાળાની ખો-ખો ટીમ તાલુકા જિલ્લા કક્ષાએ વિજેતા બની હતી. કબડ્ડી ટીમે તાલુકા કક્ષાએ વિજય મેળવ્યો હતો.

સેક્ટર-૨૩માં આવેલ એમ.બી. પટેલ કન્યા પ્રાથમિક શાળાની ખો-ખો અને કબડ્ડી ટીમે ખેલમહાકુંભ સ્પર્ધામાં ભાગ લીધો હતો. શાળાની ખો-ખો ટીમે તાલુકા અને જિલ્લાકક્ષાએ વિજય પ્રાપ્ત કર્યો હતો. તેમજ કબડ્ડી ટીમ તાલુકા કક્ષાએ વિજયી બની હતી. આચલ પટેલ ૧૦૦ મીટર દોડમાં જિલ્લા-તાલુકામાં પ્રથમ, ૪૦૦ મીટર દોડમાં મેઘવ ગોહિલ જિલ્લા કક્ષાએ પ્રથમ, ચેસ સ્પર્ધામાં પ્રિયા ભાયાણી ઝોન-એ માં દ્વિતીય, ઝોન-એ માં અનુશ્રી ભાવસારે પ્રથમ સ્થાન મેળવ્યું હતું.

## શિક્ષકો ઉપર કામનું ભારણ ઘટાડવા બોર્ડે કરેલો નિર્ણય

અમદાવાદ, તા. ૨૫

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા હવે ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાના પેપરો તપાસવા માટે નિવૃત્ત શિક્ષકોની મદદ લેવાનો નિર્ણય કરવામાં આવ્યો છે જે પણ નિવૃત્ત શિક્ષકો બોર્ડની પરીક્ષાના પેપર તપાસનું કામ કરવા તૈયાર હોય તેમણે ૩૦ દિવસમાં શિક્ષણ બોર્ડની ઓફિસમાં નામની નોંધણી કરાવવાની રહેશે. શિક્ષણ બોર્ડ દ્વારા નિયત ધારા ધોરણો મુજબ જ આ નિવૃત્ત શિક્ષકોને પણ પેપર ચકાસવા માટે મહેનતાણુ ચુકવવામં આવશે. પ્રાપ્ત થતી માહિતી મુજબ ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાના પેપર ચકાસણી એ શિક્ષણ બોર્ડ માટે માથાના દુખાવારુપ બાબત બની ગઈ છે. વારંવાર સૂચના આપવા છતાં મોટાભાગના શિક્ષકો પેપર ચકાસણીના કામમાં સમયસર હાજર રહેતા નથી જેના કારણે પેપર ચકાસણીમાં વિલંબ થતાં પરિણામ તૈયાર કરવામાં વિલંબ થાય છે. ભુતકાળમાં ઓછા શિક્ષકોને કારણે કામનું ભારણ વધી જતાં પેપર ચકાસવામાં ભુલો અને છબરડા સામે આવ્યા છે. આ ઉપરાંત નિયમિત શિક્ષકોને પેપર ચકાસણીના કામમાં જોડાવામાં આવતા આ સમય દરમિયાન અન્ય ધોરણોનું શિક્ષણ કાર્ય પણ ઠપ થઈ જાય છે ત્યારે હવે આ સમસ્યાના ઉકેલ માટે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા બોર્ડની પરીક્ષાના પેપર ચકાસણી માટે નિવૃત્ત શિક્ષકોની મદદ લેવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

## ભારતની આજકાલ : કૌન કિસીકો બાંધ સકા...

દેશ અંગે ચિંતા અને ચિંતન બંને કરવા જઈએ તો ધ્યાનમાં આવે કે આપણો વિકાસ કેટલા ક્ષેત્રોમાં રોકેટ ગતિએ તો કેટલાકમાં કીડીની ગતિએ થયેલો દેખાય! છતાં ગતિ વિકાસની દિશામાં છે તે નક્કી. સામાજિક રીતે હજી પણ દેશનાં સેંકડો લોકો ગુલામ જેવું જીવન જીવવા મજબૂર છે. યુવાનો એ આપણી કરોડરજ્જુ છે પણ તેના માટે રોજગારી કેવી ઊભી કરવી તે માટે આપણે માથું ખંજવાળીએ છીએ. ખુશ થવા જેવી બાબત એ છે કે આર્થિક સુધારાઓને કારણે છેલ્લા ૨૦ વર્ષમાં ભારતનું વિશ્વભરમાં એક મોકાનું સ્થાન તરીકેનું મહત્ત્વ ઘણું વધ્યું છે. ભારત 'પર્ચેચિંગ પાવર પેરિટી' પ્રમાણે દુનિયાનું ચોથું સૌથી મોટું અર્થતંત્ર અને દુનિયાનું બીજું સૌથી ઝડપથી આગળ વધી રહ્યું અર્થતંત્ર છે. જગત જમાદાર અમેરિકા જેવું અમેરિકા પણ હવે ભારતની અવગણી શકતું નથી. વિકસિત દેશો પણ ભારતની બરાબર નોંધ લેતા થયા છે. ત્યારે હાલમાં મૂલ્ય પર દેશની માથાદીઠ આવક ૨૦૧૩-૧૪ માં વધીને ૭૪,૯૨૦ રૂપિયા પર જવાની ધારણા છે. તેમજ ભારત ૧૭૦૦ અબજ ડૉલરનું અર્થતંત્ર બની ગયું છે. કહેવાય છે કે ૨૦૨૦ ની સાલમાં ભારત દુનિયાની તમામ દેશોને પછાડીને વિશ્વનું સૌથી મોટું અર્થતંત્ર ધરાવતો દેશ હશે. આ તો ૨૦૨૦ના વર્ષની વાત. પરંતુ આપણને ખબર છે દુનિયાના કયા દેશ સૌથી વધુ માથાદીઠ આવક ધરાવે છે?

**IMF**ના **World Economic Outlook Datebase - October 2013** અનુસાર તો જાણો ખોબે ખોબે ભરીને કમાણી કરતાં દેશોની યાદી અંગે કતર દેશ સૌથી વધુ વ્યક્તિ દીઠ આવકના મામલામાં નંબર વન છે. કુદરતી ગેસ અને તેલ ભંડારના મામલામાં દુનિયામાં ત્રીજા નંબર પર હોવા છતાંય અહીંની વ્યક્તિદીઠ આવક દુનિયામાં સૌથી વધુ છે. આ દેશમાં વ્યક્તિ દીઠ આવક ૧૦૦,૮૮૯ ડૉલર વાર્ષિક છે. આ દેશના જીડીપીમાં ૮૫ ટકા તેલ અને ગેસ ભંડારનું યોગદાન છે. ભવિષ્યમાં વધુ વિકસિત અને અત્યાધુનિક બનવાની દિશામાં કતર ઝડપથી કામ કરી રહ્યું છે. યુરોપિયન દેશ લકઝમબર્ગ એકદમ ખુશખુશાલ દેશ ગણાય છે. અહીંનું ચલણ મજબૂત છે. રોજગાર વધતા અને સામાજિક સાંસ્કૃતિક વિકાસના દરેક દબક્કે ધ્યાનમાં રાખીને આ નાનકડો દેશ સતત આગળ વધી રહ્યો છે. સ્ટીલ, કેમિકલ અને રબર ઈન્ડસ્ટ્રીના ક્ષેત્રમાં આ ઘણો આગળ છે. લકઝમબર્ગના અર્થતંત્રમાં લગભગ એક તૃત્યાંશ યોગદાન આ ઉદ્યોગોનું છે. ૭૭,૬૫૮ ડૉલર વ્યક્તિદીઠ આવકની સાથે આ યુરોપીયન દેશોમાં સૌથી આગળ છે.

સિંગાપુર નામનાં દેશની ઓળખ આજે આખા વિશ્વમાં અલગ છે. ઝડપથી આગળ વધી રહેલાં આ દેશમાં સૌથી વધુ સહેલાણીઓ આવે છે. આ દેશ આજે દક્ષિણ-પૂર્વ એશિયામાં પોતાની આર્થિક સંપન્ન અને ટેકનોલોજીના હબના રૂપમાં ઓળખ અપાઈ છે. દુનિયાના ત્રીજા સૌથી મજબૂત અર્થતંત્રવાળા આ દેશમાં વ્યક્તિદીઠ આવક ૬૦,૭૯૯ ડૉલર છે. દેશ ઈલેકટ્રોનિક, માહિતી અને ટેકનોલોજી પ્રોડક્ટ્સ, શ્રેષ્ઠ સ્વાસ્થ્ય સુવિધાઓની સાથે દવાઓની નિકાસનાં મામલામાં તેનો પોતાની ઓળખ બનાવી દીધી છે. નોર્વે અખૂટ કુદરતી સંસાધન, તેલ, ખનીજ, મોટા જંગલો, હાઈડ્રો પાવર માટે જાણીતો છે. ૫૪,૩૯૭ ડોલર વ્યક્તિ દીઠ આવકવાળા આ દેશોમાં સારા શિક્ષણ, સારી રોજગારી, અને શ્રેષ્ઠ સ્વાસ્થ્ય સુવિધાઓ ઉપલબ્ધ છે. સ્ટાન્ડર્ડ ઓફ લિવિંગના મામલામાં નોર્વે ઘણો આગળ છે. આ તેલ અને ગેસનો સૌથી મોટો નિકાસકારોમાં એક છે. બ્રુનેઈ દારૂસલ્લામમાં ક્રૂડ તેલ અને કુદરતી ગેસનો ભંડાર છે. તેના લીધે અહીંનું અર્થતંત્ર મજબૂત બની રહ્યું છે. દેશના દરેક નાગરિકને મફત ચિકિત્સા સેવા ઉપલબ્ધ છે. શિક્ષણ સાથોસાથ ઘર બનાવવા માટે જરૂરિયાતોને સરકાર સહાય આપે છે. આ બધાને જોઈને અન્ય દેશોના ઉદ્યોગપતિ અહીં રોકાણ કરવા તૈયાર રહે છે. અહીં વ્યક્તિદીઠ આવક ૫૪,૧૧૪ ડોલર છે.

અમેરિકા આજે વિશ્વનો સૌથી શક્તિશાળી દેશ કહેવાય છે, પરંતુ છેલ્લા કેટલાંય વર્ષોથી અહીનું અર્થતંત્ર લથડી રહ્યું છે. વધતી બેરોજગારી અને આર્થિક મંદીનો સામનો અમેરીકાને કરવો પડી રડ્યો છે, પરંતુ પોતાના ચલણ ડોલરની મજબૂતીના લીધે તેની સદ્ધરતા વધતી રહે છે. પોતાની વિકસિત ટેકનોલોજી, અત્યાધુનિક હથિયાર, મિસાઈલ, લડાકુ વિમાન અને પરમાણુ શક્તિના દમ પર તે દુનિયામાં રાજ કરી રહ્યો છે. અમેરિકામાં વ્યક્તિદીઠ આવક ૫૧,૭૦૪ ડોલર છે. આજે દુનિયાના વિકાસશીલ અને અલ્પવિકસીત દેશો માટે શિક્ષણ, સ્વાસ્થ્ય, સુરક્ષા વગેરે ક્ષેત્રોમાં ભરપૂર મદદ કરી રહ્યું છે.

સ્વિત્ઝરલેન્ડ કાળા નાણાં માટે સ્વર્ગ સમાન દેશ છે. અહીં વ્યક્તિદીઠ આવક ૪૨,૭૨૪ ડોલર છે. અહીનું અર્થતંત્ર ઘણું મજબૂત છે. સ્વિટ્ઝરલેન્ડનું કુદરતી સૌંદર્ય દુનિયાભરના પર્યટકોને ખેંચી લાવે છે. સેન મારિનો આજે ટુરિઝમ અને બેન્કિંગના ક્ષેત્રમાં ઘણું આગળ છે. બેન્કિંગના ક્ષેત્રમાં આ સ્વિટ્ઝરલેન્ડની બરાબરી કરી રહ્યુ છે. નવા પડકારોનો સામનો કરીને આ દેશ આંતરરાષ્ટ્રીય સ્તર પર પોતાના બેન્કિંગ ઉદ્યોગને વધુમાં વધુ બનાવી રહ્યો છે. તેના લીધે વિદેશી કંપનીઓ અહીં આવવા માટે ઉત્સુક છે. ટુરિસ્ટ અને બેન્કિંગ સેક્ટરમાં લાગેલા અહીંના લોકોની વાર્ષિક આવક ૪૨,૩૧૭ ડોલર વ્યક્તિદીઠ આવક છે.

### વિચારોના મધુવનમાં

- પ્રા. ડો. રાકેશ આર. પટેલ

કેનાડા દેશ દુનિયાના સૌથી ધનિક દેશોની યાદીમાં નંબર નવ પર છે. આ દેશમાં કુદરતી સંસાધનોનો અખૂટ ભંડાર છે. અહીંના લોકોની માથાદીઠ આવક **IMF**ના **World Economic Outlook Datebase - October 2013** નાં આંકડા પ્રમાણે ૪૨,૩૧૭ ડોલર છે.

ઓસ્ટ્રેલિયા કુદરતી સંસાધનોથી સમૃદ્ધ દેશ છે. અહીં કોલસો, આયર્ન, સોનું, યુરેનિયમ અને કુદરતી ગેસનો અખૂટ ભંડાર છે. અહીં દેશ અને દુનિયામાં સૌથી વધુ નિકાસ કરાય છે. ઓસ્ટ્રેલિયા ક્રૂડ પ્રોડકટ અને વિદ્યુત સાધનોની નિકાસ કરનાર એક મુખ્ય દેશ છે. અહીંના લોકોની માથાદીઠ આવક ૪૧,૯૫૪ ડોલર છે.

આપણો દેશ વિશ્વનો સૌથી વધુ યુવાનો ધરાવતો દેશ છે તે આપણે જાણીએ છીએ. દેશમાં ૧૦ થી ૨૪ વર્ષના ૩૫.૬ કરોડ યુવાનો છે જે સમગ્ર વિશ્વમાં ૧૦થી ૨૪ વર્ષના ૧.૮ અબજ યુવાનોમાં સૌથી છે. ચીન કરતાં ઓછી વસ્તી ધરાવતા હોવા છતાં ભારત યુવાનોની વસ્તીની બાબતમાં પ્રથમ નંબરે છે તેમ સંયુક્ત રાષ્ટ્રોના એક અહેવાલમાં જણાવવામાં આવ્યું છે. સંયુક્ત રાષ્ટ્રોના તાજેતરમાં અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે ભારતમાં ૧૦થી ૨૪ વર્ષના લોકોની સંખ્યા ૩૫.૬ કરોડ છે.

યુનાઈડેટ નેશન્સ પોપ્યુલેશન ફંડ (યુએનએફપીએ) ના સ્ટેટ ઓફ ધ વર્લ્ડ પોપ્યુલેશન રિપોર્ટ અનુસાર ૨૬.૯ કરોડ યુવાનો સાથે ચીન બીજા ક્રમે છે. ૬.૭ કરોડ સાથે ઈન્ડોનેશિયા ત્રીજા ક્રમે, ૬.૫ કરોડ સાથે અમેરિકા ચોથા ક્રમે, ૫.૯ કરોડ સાથે પાકિસ્તાન પાંચમા ક્રમે, ૫.૭ કરોડ સાથે નાઈજીરીયા છઠા ક્રમે, ૫.૧ કરોડ સાથે બ્રાઝિલ સાતમા ક્રમે અને ૪.૮ કરોડ સાથે બાંગ્લાદેશ આઠમા ક્રમે છે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે યુવાનોની વિશાળ વસ્તી ધરાવતા વિકાસશીલ દેશો પાસે પોતાના અર્થતંત્રનો વિકાસ કરવાની વિપુલ તકો રહેલી છે કારણ કે આ દેશો યુવાનોના શિક્ષણ, આરોગ્ય અને તેમના હિતોના રક્ષણ માટે મોટા પ્રમાણમાં રોકાણ કરી રહ્યા છે. 'ધ પાવર ઓફ ૧.૮ બિલિયન' નામના અહેવાલમાં જણાવ્યા અનુસાર ભારતની ૨૮ ટકા વસ્તી ૧૦થી ૨૪ વર્ષ વચ્ચેની છે. ગરીબ રાષ્ટ્રો પૈકી ભારતમાં યુવાનોની વસ્તી સૌથી ઊંચા દરે વધી રહી છે. હાલમાં સમગ્ર દેશમાં ૧૦થી ૨૪ વર્ષના ૧.૮ અબજ લોકો છે. વિશ્વના દર ૧૦ યુવાનો પૈકી ૯ યુવાનો અલ્પવિકસિત રાષ્ટ્રોમાં છે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે યુવાન લોકો પાસે જો કૌશલ્ય, સારું સ્વાસ્થ્ય, નિર્ણય લેવાની શક્તિ હશે તો તેઓ સંશોધનકારો, સર્જકો, ઘડવૈયાઓ અને ભવિષ્યના નેતાઓ બની શકે છે.

બીજા એક સમાચાર ચોંકાવનારા છે. ગુલામીની પ્રથા પર પૂર્ણ વિરામ મુકાઈ ગયાનું વારંવાર સાંભળવા મળતું રહ્યું છે, પણ આ વાત ખોટી છે. 'ગ્લોબલ ઈન્ડેક્સ' ના જણાવ્યા અનુસાર વિશ્વમાં કરોડો લોકો આધુનિક ગુલામીના શિકાર છે એવા સૌથી વધારે લોકો ભારતમાં છે. ભારતમાં ૧.૪૦ કરોડ લોકો ગુલામ જેવી જિંદગી જીવી રહ્યા છે. તેમાંના મોટા ભાગના લોકોને ધરાર લગ્ન, મજૂરી, માનવ તસ્કરી અને પ્રોસ્ટીટ્યુશનમાં બળજબરીથી ધકેલવામાં આવ્યા છે. ગુલામીના સફાયા માટે કામ કરતી સંસ્થા 'વૉક ફ્રીના ગ્લોબલ સ્લેવરી ઈન્ડેક્સ-૨૦૧૪'માં આ હકીકત બહાર આવી છે. આ લિસ્ટમાં બીજા અને ત્રીજા ક્રમે ચીન તથા પાકિસ્તાન છે. ભારત અને પાક.માં બાંધકામના કામમાં બળજબરીથી મજૂરી કરાવવામાં આવતી હોય એવા લોકોની સંખ્યા સૌથી વધારે છે. આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠનમાં બાંધકામના કામમાં બળજબરીથી મજૂરી કરાવવામાં આવતી હોય એવા લોકોની સંખ્યા સૌથી વધારે છે. આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠનના જણાવ્યા અનુસાર અંદાજે બે કરોડ લોકો પાસે બળજબરીથી મજૂરી કરાવવામાં આવી રહી છે. 'વોક ફ્રી' સંસ્થાએ વિશ્વના ૧૬૭ દેશોમાં આ સર્વે કરાવ્યો હતો. એમાં એવું પણ જાણવા મળ્યું હતું કે દુનિયામાં કુલ ૩.૬૦ કરોડો લોકો ગુલામ છે અને તે પૈકીના ૨.૩૫ કરોડ ગુલામો તો એશિયામાં જ છે. આફ્રિકાના મોરિટોનિયામાં કુલ જનસંખ્યાના ચાર ટકા લોકો ગુલામની જિંદગી જીવવા મજબૂર છે.

આપણને જાણીને નવાઈ લાગશે કે શહેરમાં વસતા ભારતીયો સૌથી વધુ ખર્ચ મકાનના ભાડાં પાછળ કરે છે. જયારે ગામડાંમાં વસતા ભારતીયો દવા પાછળ ખર્ચે છે. સાદી ભાષામાં કહેવું હોય તો શહેરી ભારતીયો ઘર માટે અને ગામડામાં વસતાં ભારતીયો સૌથી વધુ ખર્ચ ભોજન બાદ દવા પાછળ કરે છે. તેમ જૂન ૨૦૧૪માં ૬૮માં નેશનલ સેમ્પલ સર્વે (**NSS**) ના રજૂ થયેલા આંકડામાં દર્શાવાયુ છે. આ સર્વે માટે વર્ષ ૨૦૧૧-૧૨ ને આધાર વર્ષ તરીકે પસંદ કરાયું હતું. આ તો થઈ એક જ વસ્તુ પાછળના ખર્ચની વાત, તેની સાથોસાથ અમે તમને સર્વેમાં રજૂ કરાયેલા મુખ્ય વસ્તુ અને ખર્ચ અંગે વિગતવાર જણાવશું. (ઈન્ટરનેટ પરથી પ્રાપ્ત માહિતીને આધારે)